DR.MAHESHKUMAR R SOLANKI
ASSOCIATE PROFESSOR
ANAND EDUCATION COLLEGE,ANAND.
M-9824637878

# મનોવિજ્ઞાનનો અર્થ

–'psychology' શબ્દ મૂળ બે ગ્રીક શબ્દો 'psyche' અને 'logos' પરથી આવ્યો છ.

-Psyche' નો અથ Soul,Mind, Self એટલે કે આત્મા, મન, કે સ્વ થાય છ.

–Logos નો અથ Study એટલે અભ્યાસ અવો થાયછ.

–પ્રાચીન સમયમાં દર્શનશાસ્ત્રની એક શાખા તરીકે મનોવિજ્ઞાન ગણાતુ હતું.

–તેથા મનોવિજ્ઞાન ફિલસૂફીની એવી એક શાખા છ કે **'જેમાં મન અને માનસિક ક્રિયાઓનો અભ્યાસ કરવામાં આવે છ'**.એટલે કે પ્રાચીન સમયમાં મનોવિજ્ઞાન શુધ્ધ વિજ્ઞાન ન મનાતું.

–મનોવિજ્ઞાનના આરંભકાળ( 16 મી સદી) માં તનો અથ **"મનોવિજ્ઞાન એટલે આત્માનુ વિજ્ઞાન** " અવો ઘટાવવમાં આવતો.

-ત્યારબાદ મનોવિજ્ઞાન **'મનનું વિજ્ઞાન"** ગણાયું.

- મનોવિજ્ઞાનિકોએ વધુ અભ્યાસ કરીને સમજાવ્યુ કે મનોવિજ્ઞાન માણસની અનુભવગમ્ય પ્રવૃતિઓ, મૂળભૂત વૃતિઓ અને પ્રક્રિયાનુ વિશ્લેષણ, વર્ગીકરણ અને વિવરણ કરવાનુ કામ કરે છે. તેથી એમ નક્કી થયું કે " **મનોવિજ્ઞાન એ આત્માનુ વિજ્ઞાન નથી, પરંતુ તે મનુષ્યની માનસિક પ્રવૃતિઓ, વૃતિઓ અને પ્રક્રિયાઓનુ વિજ્ઞાન છે.** "

- પરંતુ મનના અર્થમાં પણ આત્મા જેવો ગોટાળો થયો. મનની શક્તિ, તેનુ સ્વરુપ અને તેની પ્રતિકતિને મનોવૈજ્ઞાનિકો નિર્ધારિત ન કરી શક્યા.

- 19 મી સદીમા મનોવૈજ્ઞાનિકોએ મનૂષ્યની ચેતન ક્રિયાઓનુ અધ્યયન કરીને જણાવ્યુ કે "**મનોવિજ્ઞાન ચેતનાનુ વિજ્ઞાન છે.**"

- 20 સદીમા મનોવિજ્ઞાનના અનેક અર્થ કરવામા આવ્યા, જેમા સૌથી વધારે માન્યતા "**મનોવિજ્ઞાન વર્તનનુ વિજ્ઞાન છે.**"

- અનેક સંશોધનોએ સાબિત કર્યુ કે ...મનુષ્ય યા પ્રાણીના મનનો અભ્યાસ તેના વ્યવહાર યા આચરણ યા વર્તન(behaviour) ના આધારે થઇ શકે છે.

# પ્રાણીઓના વ્યવહાર યા વર્તનનું વિજ્ઞાન એટલે મનોવિજ્ઞાન- મેકડૂગલ

- **વર્તન એટલે શુ**

– પ્રાણી સ્વય વિભિન્ન પ્રકારના ઉદીપકનો (stimuli) ના જવાબમા જે પ્રતિક્રિયા (Reactions or Responses) કરે તેને વર્તન કહે છે.

– સ્કીનરે વર્તનને સ્પષ્ટ કરતા કહ્યુ કે ...,," **જીવનની સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિઓ પ્રત્યે માનવ તથા પશુની સંપૂર્ણ પ્રતિક્રિયાઓ વર્તન છે.**

– આમ, વર્તન એટલે ફક્ત ચારિત નહિ પણ સાભળવું,બેસવુ, યાદ રાખવુ, શીખવુ, જેવી જ્ઞાનાત્મક ક્રિયાઓ,...,પ્રમ અને ગુસ્સો જેવી સંવેગાત્મક અને ચેષ્ટામૂલક ક્રિયાઓ છે.

## : મનોવિજ્ઞાનની વ્યાખ્યાઓ :

- વૂડવર્થનું રમુજી સૂત્રઃ --" **મનોવિજ્ઞાને પ્રથમ આત્મા ખોયો, પછી મન અને ચેતના ખોયા અને હજુ** તેની **પાસે એક પ્રકારનું વર્તન બાકી છે."**
- "મનોવિજ્ઞાન માનવપ્રકૃતિનો અભ્યાસ કરે છે." -- બોરિંગ, લેંગફેલ્ડ અને વેલ્ડ
- "મનોવિજ્ઞાનનો સંબંધ પ્રત્યક્ષ માનવવર્તન સાથે છે." -- ગેરિસન અને અનય
- "મનોવિજ્ઞાન વર્તન અને અનુભવનું વિજ્ઞાન છે." -- સ્કીનર
- "મનોવિજ્ઞાન માનવવર્તન અને માનવસંબંધોનં અધ્યયન કરે છે."- ક્રો અને ક્રો

- “મનોવિજ્ઞાન માનવવર્તન અને માનવસબંધોનં અધ્યયન કરે છે.”– ક્રો અને ક્રો
- “મનોવિજ્ઞાન એટલે વાતાવરણના સંપર્કમા થતી વ્યક્તિની પ્રવૃતિઓનુ વૈજ્ઞાનિક અધ્યયન”-- વૂડવર્થ
- “મનોવિજ્ઞાન વર્તનનુ શુધ્ધ વિજ્ઞાન છે.”– વોટસન
- “મનોવિજ્ઞાન એ મનુષ્ય અને અન્ય પ્રાણીઓના વર્તનનુ વિજ્ઞાન છે.- સી.ટી.મોર્ગન

ટૂંકમા મનુષ્યના મનના અનુભવો યા પ્રવૃતિઓનુ તેમના વ્યવહાર દ્વારા વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરનારુ વિજ્ઞાન તે મનોવિજ્ઞાન.

# શિક્ષણ અને મનોવિજ્ઞાનનો સંબંધ

- શિક્ષણ અને મનોવિજ્ઞાનનો સંબંધ અતૂટ અને ઊંડો છે.જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

-- બંને વ્યક્તિના વર્તનનો અભ્યાસ કરે છે.

-- મનુષ્યન વર્તન અને તેમાં થતા અપેક્ષિત વર્તન-પરિવર્તનનો અભ્યાસ કરે છે.

-- બંને વર્તનવ્યવહારનું અધયયન કરે છે.

-- શિક્ષણના ઉદ્દેશો નક્કી કરવામાં મનોવિજ્ઞાન ફાળો આપે છે.

-- બાળકેન્દ્રી શિક્ષણ મનોવિજ્ઞાનને આભારી છે.

-- બાળકને સંપૂર્ણ  રુંપમા સમજવાં મનોવિજ્ઞાન ઉપયોગી છે.

-- મનોવિજ્ઞાન વિના કેળવણીનું માળખું અસરકારક બની શકે નહિ.

--મનોવિજ્ઞાન બાળકની વય અને વિકાસકક્ષા અનુસાર અભ્યાસક્રમ અને શિક્ષણ પધ્ધતિ ઘડવામાં-ચકાસવામાં મદદરુપ બને છે.

-- બંને વચ્ચે એકરુપતા છે.

--મનોવિજ્ઞનના સંપર્કથી શિક્ષણને “નૂતન શિક્ષણ” નું બિરુદ મળ્યું છે.

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સ્વરુપ

- 19 મી સદીમા સ્વીટ્ઝર્લેન્ડના મહાન શિક્ષણશાસ્ત્રી પસ્ટોલોજીએ (1946 થી 1827) સૌ પ્રથમ શિક્ષણને મનોવૈજ્ઞાનિક સ્વરુપ આપ્યુ.
- તે જમાનામા પાંડિત્યપૂર્ણ શિક્ષણને ત્યજીને પસ્ટોલોજીએ બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત કરીને શિક્ષણનું મનોવૈજ્ઞાનીકરણ કયુ.
- પેસ્ટોલોજીએઃ– " I will psychologize education ." **અર્થાત 'હુ શિક્ષણનું મનોવૈજ્ઞાનીકરણ કરીશ.' અને** તેણે એ કરી બતાવ્યુ.
- તેથી તેમને આધુકિ શિક્ષણના પિતા તરીકેનુ બિરુદ મળ્ય.
- રૂસોએ ..' **બાળકને બાળક જ રહેવા દો**' ની હિમાયત કરી.
- ફ્રાબેલે "**બાળકને બગીચાના ફૂલ**" કહયા.
- શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એક શાખા છે.

- "શૈક્ષણિક મનોવિજ્ઞાન" શબ્દ 'શિક્ષણ' અને 'મનોવિજ્ઞાન' એમ બે શબ્દો-નો બનેલો છે.તેનો શાબ્દિક અર્થ 'શિક્ષણ સંબંધી મનોવિજ્ઞાન'થાય છે.
- શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનનું વ્યવહારિક સ્વરુપ છે અને તે શિક્ષણની પ્રક્રિયામાં માનવવર્તનનું અધ્યયન કરનારું વિજ્ઞાન છે.
- સ્કીનરે શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ સ્પષ્ટ કરતાં નીચે મજબનું વિશ્લેષણ કર્યું છે.

-અધ્યાપન મનોવિજ્ઞાનનું કેન્દ્ર માનવવર્તન છે.

-અધ્યાપન મનોવિજ્ઞાન શીખવાની પ્રક્રિયાને વધુ મહત્વ આપે છે.

-અધ્યાપન મનોવિજ્ઞાન સંશોધન અને નિરિક્ષણ વડે મેળવેલાં તથ્યોનું સંકલન છે.

-અધ્યાપન મનોવિજ્ઞાનમાં પ્રાપ્ત તથ્યોને તપાસીને સિધ્ધાંતોનું રુપ આપવામાં આવે છે.

- વર્ગખંડની સમસ્યાઓ સમજવાનું અને તેનો ઉકેલ મેળવવાનું શાસ્ત્ર છે.

- અધ્યાપન મનોવિજ્ઞાન શૈક્ષણિક પ્રક્રિયાઓ દ્વારા વિ.ઓની
  - સર્જનાત્મક શક્તિઓને ખીલવવામાં મદદરુપ થાય.
  - અભ્યાસની ટેવોના વિકાસમાં ઉપયોગી બને.
  - અધ્યયનની પ્રક્રિયાને વેગવાન બનાવે.
  - અધ્યયનની વિવિધ પધ્ધતિઓની અજમાયશનો માર્ગ બતાવે છે.
  - વિ.ઓની વિવિધ વર્તન સમસ્યાઓ સમજાવે છે.
  - સમસ્યાના ઉકેલો દર્શાવે છે.
  - અભયાસક્રમ રચના, પરિક્ષણ,મૂલ્યાંકનમાં મનોવિજ્ઞાનના સિધ્ધાંતોને લાગુ પડેછે.

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ

- શૈક્ષણિક મનોવિજ્ઞાન મુખ્યત્વે શિક્ષણની સમસ્યાઓનું અધ્યયન,વિશ્લેષણ અને સમાધાન કરે છે તેથી તેની વ્યાખ્યાઓમાં એકરુપતા જોવા મળે છે.
- "શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં શિક્ષણ સાથે સંબંધિત સંપૂર્ણ વર્તન અને વ્યક્તિત્વ આવી જાય છે. આમ, તે વિશિષ્ટ શૈક્ષણિક પરિસ્થિતિઓમાં થતા મનુષ્યના વર્તનનો અભ્યાસ કરે છે." – સ્કીનર
- "શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યક્તિના જન્મથી વૃધ્ધાવસ્થા સુધીના અધ્યયન અનુભવોનું વર્ણન અને એની વ્યાખ્યા કરે છે." – ક્રો અને ક્રો
- "શૈક્ષણિક મનોવિજ્ઞાન વૈજ્ઞાનિક વિધિથી પ્રાપ્ત કરેલા માનવ પ્રતિક્રિયાઓના એવા સિધ્ધાંતોના ઉપયોગને પ્રસ્તુત કરે છે કે,જે અધ્યાપન અને અધ્યયનને પ્રભાવિત કરે છે." – એલિસ ક્રો
- શૈક્ષણિક મનોવિજ્ઞાન મુખ્યત્વે શિક્ષણની સામાજિક પ્રક્રિયાથી પરિવર્તિત માનવ-વર્તનના અધ્યયન સાથે સંબંધિત છે."

- શૈક્ષણિક મનોવિજ્ઞાનનો મુખ્ય સંબંધ અધ્યયન સાથ છે. તે મનોવિજ્ઞાનનું એવું અંગ છે, જે શિક્ષણનાં મનોવૈજ્ઞાનિક પાસાં વૈજ્ઞાનિક સંશોધન સાથ વિશેષરુપથી સંબંધિત છે. – સોર અને ટલફોર્ડ

- ટકમાં શૈક્ષણિક મનોવિજ્ઞાન માનવનવર્તન અધ્યયનનો, માનવપ્રતિક્રિયાઓનો અભ્યાસ કરે છે. તે જન્મથી માંડી પુખ્તતા પ્રાપ્ત કરે ત્યાં સુધી વિકાસના જુદા જુદા તબક્કાઓમાં પસાર થતી વ્યક્તિમાં થતાં પરિવર્તનો સમજાવે છે. આમ, શિક્ષણ અને મનોવિજ્ઞાનના સુમેળ અને સગકારનું તે એક પરિણામ છે.

# શિક્ષણની મનોવૈજ્ઞાનિક ભૂમિકા (શિક્ષણમાં મનોવૈજ્ઞાનનો ફાળો)

- શિક્ષણના ધ્યેયોની નિર્મિતિ અને પ્રાપ્તિ માટે
- અભ્યાસક્રમની રચના માટે
- શીખવવાની યોગ્ય પધ્ધતિ માટે
- બાળકોના વ્યક્તિગત તફાવતો સમજવા માટે
- શિસ્ત જાળવવા માટે
- બાળકના મનોવિકાસની અવસ્થાઓ અનુસાર શિક્ષણ
- મૂલ્યાંકન માટે
- વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેનો વ્યવહાર સમજવા માટે
- શિક્ષકને પોતાને ઓળખવા માટે
- બાળકેન્દ્રી શિક્ષણ માટે

## *શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (વ્યાપક્ષેત્ર અથવા અભ્યાસક્ષેત્ર)*

શૈક્ષણિક મનોવિજ્ઞાનના પાયામાં ત્રણ મૂળભૂત બાબતો છે.

- **વિદ્યાર્થી** (Educand)
- **શૈક્ષણિક પ્રક્રિયા** (Educational Process)
- **સાચા અધ્યયન માટેની શરતો** (Conditions of Learning)

આ ત્રણે ક્ષેત્રોમાં અનેક નાનીમોટી અભ્યાસ સામગ્રી આવી શકે.

**'ક્રો અને ક્રો'** શૈક્ષણિક મનોવિજ્ઞાનના અભ્યાસક્ષેત્રમાં નીચની બાબતો સમાવે છે.

- શીખવાની પક્રિયાનું સ્વરુપ.
- વ્યક્તિગત તફાવતોનું શીખવાની ઝડપ અને મર્યાદા ઉપર શૈક્ષણિક દૃષ્ટિએ મહત્વ
- આનુવંશિક અને વાતાવરણનાં પરિબળોની શિક્ષણ પર અસર.
- શિક્ષણ દરમિયાન થતા વર્તન-પરિવર્તન.
- બાળકના શારીરિક, સામાજિક,બૌધ્ધિક અને સાંવેગિક વિકાસનું અધ્યયન.

- પરિપક્વતાની કક્ષા અને શીખવાની તત્પરતા વચ્ચે સંબંધ.
- શિક્ષણના માપન અને મૂલ્યાંકન.
- શીખવાની પધ્ધતિ.
- ઓપચારિક અને અનૌપચારિક શિક્ષણની વ્યક્તિ પર થતી અસરની તુલના
- સામૂહિક વર્તન.
- શિસ્તવિષયક સમસ્યાઓ.
- શિક્ષણ પ્રત્યેના મનોવિજ્ઞાનિક દ્રષ્ટિબિંદુની શાળા સાથે સંકળાયેલા માણસો માટે અગત્ય.
- સમાજશાસ્ત્રીય પરિબળોની શીખનારનાં વલણો ઉપર મનોવૈજ્ઞાનિક અસર.

કેટલાક શૈક્ષણિક મનોવિજ્ઞાનિકો શૈ. મનો.ના અભ્યાસક્ષેત્રોને ત્રણ વિભાગમાં વહેંચે છે.

- **બાળકોનો વિકાસ**
- **અધ્યયનની પક્રિયા**
- **અનૂકુલન – માર્ગદર્શન**

## ***બાળકોનો વિકાસ***

– બાળવિકાસનાં નિર્ણાયક બળો અને તે સમજવા માટેના સિધ્ધાંતો.

– આનુવંશિકતા અને વાતાવરણ, કુદરતી વર્તન અંગેના વિવિધ સિધ્ધાંતો, વિકાસના તબક્કાઓ, વિકાસનાં સામાન્ય તત્વો.

– શારીરિક અને હલનચલનનો વિકાસ.

– ભાવાત્મક વિકાસ.

– બૌધ્ધિક વિકાસ,વૈયક્તિક ભેદો,વિકાસ માપવા માટેની મનોવૈજ્ઞાનિક કસોટીઓ.

– સામાજિક વિકાસ.

– સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ.

# અધ્યયનની પ્રક્રિયા

- વિવિધ સિધ્ધાંતો
- સ્મૃતિ અને તેની કેળવણી
- વિસ્મૃતિ અટકાવવાના ઉપાયો
- આત્મસૂઝની ખિલવણી
- અધ્યયનની ક્રિયાને ઉત્તેજિત કરનારા પરિબળો
- શિક્ષણ સંક્રમણ
- અભ્યાસની અસરકારક ટેવો
- સર્જનાત્મક ચિંતન
- તર્ક અને સમસ્યા
- ઉકેલની પ્રક્રિયા

# અનૂકુલન અને માર્ગદર્શન

- અનૂકુલનને ઉપકારક પરિબળો
- સંરક્ષણ પ્રયુક્તિઓ
- વિદ્યાર્થીઓની સમસ્યાઓ,
- શિક્ષકોનું આરોગ્ય
- માર્ગદર્શન વ્યવસ્થા

આમ, જુદી જુદી વ્યક્તિઓ શૈક્ષણિક મનોવિજ્ઞાનના અભ્યાસક્ષેત્રને જુદી જુદી રીતે મૂલવે છે.

# મનોવિજ્ઞાન એ શાનો અભ્યાસ કરે છે?

- (અ) માનવ વર્તન (બ) માનવ વિચાર
- (ક) માનવ લાગણી (ડ) માનવ ભૂતકાળ
- 

# શિક્ષણને મનોવિજ્ઞાન સાથે જોડવાનુ શ્રેય કોને જાય છે?

- (અ) પેસ્ટોલોજી
- (બ) હર્બટ સ્પેન્સર
- (ક) સ્કીનર
- (ડ) વૉટસન

# મનોવિજ્ઞાનના અભ્યાસનું ધ્યેય શું છે?

- (અ) જીવનની ગુણવત્તા સુધારવાનું
- (બ) જીવન-નિર્વાહ કરવાનું
- (ક) જીવનમાં આર્થિક વિકાસ કરવાનું
- (ડ) જીવન-આનંદ મેળવવાનું

## શૈક્ષણિક મનોવિજ્ઞાન ક્યાંથી ક્યાં સુધીના શીખેલા અનુભવોનું વર્ણન છે?

- (અ) જન્મથી વૃધ્ધાવસ્થા સુધી
- (બ) જન્મથી યુવાવસ્થા સુધી
- (ક) જન્મથી કિશોરાવસ્થા સુધી
- (ડ) જન્મથી પ્રૌઢાવસ્થા સુધી

## અધ્યાપન (શૈક્ષણિક) મનોવિજ્ઞાન શાના સંબંધી મનોવિજ્ઞાન છે?

- (અ) શિક્ષણ
- (બ) શરીર
- (ક) મન
- (ડ) આત્મા

# શૈક્ષણિક મનોવિજ્ઞાનનુ પ્રથમ કાર્ય (ધ્યેય) શુ છે?

- (અ) વર્ગખંડની સમસ્યાઓને સમજવાનું અને ઉકેલવાનું
- (બ) વર્ગખંડની પ્રક્રિયાઓનો વિકાસ કરવાનું
- (ક) વર્ગખંડની લાગણીઓને સમજવાનું
- (ડ) વર્ગખંડની અધ્યાપન-પધ્ધતિને અસરકારક બનાવવાનું

# શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનનુ કેવુ સ્વરૂપ છે?

- (અ) શાસ્ત્રીય
- (બ) વ્યવહારિક
- (ક) આજીવન
- (ડ) પ્રગતિશીલ

શીખવવાની પ્રક્રિયાની સાચી સમજ શૈક્ષણિક મનોવિજ્ઞાન દ્વારા પ્રથમ કોને પડે છે?

- (અ) વિદ્યાર્થી
- (બ) શિક્ષક
- (ક) સંચાલક
- (ડ) સમાજ

## આધુનિક શિક્ષણના પિતા તરીકેનું બિરૂદ કોને પ્રાપ્ત થયું હતું?

- (અ) પેસ્ટોલોજી
- (બ) રૂસો
- (ક) ફ્રોબેલ
- (ડ) ગાંધીજી

‘ બાળકને બાળક જ રહેવા દો’ તેવી હિમાયત કોણે કરી હતી?

- (અ) રૂસો
- (બ) ટાગોર
- (ક) પેસ્ટોલોજી
- (ડ) ફ્રોબેલ

‘મનોવિજ્ઞાન એટલે આત્માનુ વિજ્ઞાન’ આ અર્થ કઈ સદી સુધી ચાલ્યો હતો?

- (અ) ૧૫મી સદી
- (બ) ૧૬મી સદી
- (ક) ૧૭મી સદી
- (ડ) ૧૮મી સદી

# ૧૯મી સદીમા મનોવિજ્ઞાનનો અર્થ શુ હતો?

- (અ) દર્શન શાસ્ત્રની શાખા તરીકે
- (બ) ચેતનાનું વિજ્ઞાન
- (ક) માનસિક વૃત્તિઓ અને પ્રક્રિયાઓનું વિજ્ઞાન
- (ડ) વર્તનનું વિજ્ઞાન

# હાલમા મનોવિજ્ઞાનની કઈ વ્યાખ્યા પ્રચલિત છે?

- (અ) મનોવિજ્ઞાનમાં મન અને માનસિક ક્રિયાઓનો અભ્યાસ
- (બ) માનસિક પ્રવૃતિઓ, વૃતિઓ અને પ્રક્રિયાઓનું વિજ્ઞાન
- (ક) મનોવિજ્ઞાન એટલે ચેતનાનું વિજ્ઞાન
- (ડ) મનોવિજ્ઞાન વર્તન અને અનુભવનું વિજ્ઞાન

## મનોવિજ્ઞાનમા વર્તનને ક્યા મનોવિજ્ઞાનિકે વધારે સ્પષ્ટ રીતે સમજાવ્યુ?

- (અ) સ્કીનર
- (બ) મેકડુગલ
- (ક) ગિલ્ફર્ડ
- (ડ) ગેરેટ

# ‘ psychology ‘ મૂળ કઈ ભાષાનો શબ્દ છે?

- (અ) બ્રિટીશ
- (બ) ગ્રીક
- (ક) અંગ્રેજી
- (ડ) ઈટાલી

## Psychology શબ્દનો અર્થ કેટલા શબ્દોનો બનેલો છે?

- (અ) એક
- (બ) બે
- (ક) ત્રણ
- (ડ) ચાર